પ્રાંતિજના ઓરાણ ખાતે નોટો-ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ખાતે બાવન પરગણા સાત ગામ શ્રી નિજાનંદ કેળવણી મંડળ ગુરૂ બ્રાહ્મણ સમાજના વિધાર્થીઓને નોટો, ચોપડાનુ વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજના ઓરાણ ખાતે બાવન પરગણા સાત ગામ શ્રી નિજાનંદ કેળવણી મંડળ ગુરૂ બ્રાહ્મણ સમાજ ના ધોરણ ૧થી ૧૦ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટો, ચોપડા નો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમા ઓરાણ ગામના વતની સમાજ સેવક દાતા મનુભાઈ પંડ્યા, ગોવિંદભાઈ, સુરેન્દ્ર ભાઈ પંડયા સહિત સમાજ અને ગ્રામ આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા જયારે સમગ્ર કાર્યક્રમ નુ સફર સંચાલન શ્રી નિજાનંદ કેળવણી મંડળ ના મંત્રી દ્વારા કરવામા આવ્યુ હતુ.

ફ્રેન્ડ્સ ઓફ અરવલ્લી અને રેડક્રોસ મોડાસા દ્વારા સાંભળે અરવલ્લી પ્રોજેક્ટની સક્સેસ સ્ટોરી

છ મહિના પહેલા અરવલ્લી જિલ્લાની વિકાસથી લઈને અરવલ્લી જિલ્લાના જરૂરીયાતમંદ માટે સેવા કાર્યો ચાલુ કરી જેના ભાગરૂપે સાંભળ અરવલ્લી નો પ્રોજેક્ટ નો શુભારંભ ઓક્ટોબર ૨૧ કરેલ ,જેમાં જન્મ થી ન સાંભળી શકતા એવા બાળકો માટે સ્વદેશી ડિવાઈસ બનાવી પેટન્ટ મેળવેલ જરૂરિયાતમંદ ૭૫ બાળકોને ડિવાઈસ આપવામાં આવેલ જેમને સાંભળવાની અને બોલવાની ટ્રેનિંગ પણ સંસ્થા દ્વારા આપી જેમાં આ પરેશભાઈ કોળી પટેલ ડેમાઈ જેઓ એ ૮૨ ટકા ધોરણ ૧૦ મા આવેલ ,જે તકલીફ ને વિશ્વવાસ થી પાર કરી , તેઓ આજે અરવલ્લી જિલ્લા કલેકટર ઓફિસ લાવી કલેકટરશ્રી સાથે વાર્તાલાપ કરી તેના પરિવારને પરેશ સાંભળતા કલેકટર સાહેબ સાથે વાતચીત કરી,આનંદ અનુભવ્યો. અરવલ્લી પ્રથમ જીલ્લા તરીકે ગૌરવ પ્રાપ્ત કર્યુ. સેવાભાવી વિજયભાઈ શાહ ફ્રેન્ડસ ઓફ અરવલ્લી ના ને તેમની ટીમનું આભાર માન્યો હતો પરેશ નું સન્માન પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ના ભાગરૂપે ફ્રેન્ડ્સ ઓફ અરવલલી ના સુમિત દેસાઈ , નિલેષભાઈ જોષી , અમિત કવિ ,જીતેન્દ્ર ભટિયા ભિલોડા મિત્રો હાજર રહ્યા હતા.

ધાનેરામાં મેઘરાજાના આગમન બાદ ખેડૂતના કાપણી કરેલા પાક પર પાણી ફરી વળ્યા

ધાનેરામાં ભારે ઉકળાટ બાદ બપોરના સમયે મેઘરાજાનું આગમન થયું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સાથે સાથે ખેડૂતો તેમજ અન્ય લોકોને ભારે નુકસાની નો પણ સામનો કરવો પડ્યો છે. વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સામરવાડા ગામ ની સામરવાડા ગામે ખેડૂત ના કાપણી કરેલા બાજરી ના પાક પર વરસાદી પાણી ફરી વળતા ખેડૂતને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સામરવાડા સહિત અનેક ગામોમાં કાપણી કરેલા પાક પર વરસાદી પાણી ફરી વળ્યા છે. તો ધાનેરાના શહેરી વિસ્તારમાં જે લોકો નીચાણવાળા વિસ્તારમાં રહે છે તે લોકોના ઘર સુધી પણ વરસાદી પાણી પહોંચી જતા લોકોને મુશ્કેલી નો સામનો કરવાનો વારો આવ્યો છે લોકો પોતાના ઘરમાંથી પાણી દૂર કરવા માટે ના પ્રયાસો હાથ ધર્યા છે.

પાલનપુરમાં સામાન્ય વરસાદમાં ભૂવા પડ્યા

બનાસકાંઠા જિલ્લામાં ગઈકાલે સાંજના સુમારે વાતાવરણમાં એકાએક પલટો આવતા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ગત રાત્રે પડેલા વરસાદના કારણે બાજરી મગફળી જેવા તૈયાર પાકોને નુકસાન જવાની ખેડૂતોને ભીતિ સેવાઈ રહી છે. જોકે, વરસાદના કારણે કેટલાક મારે ઉકળાટના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત પહોંચી હતી. જિલ્લામા પાલનપુર, ધાનેરા, અંબાજી, ઈકબાલગઢ સહીતના વિસ્તારોમા વરસાદના પડતા ઠંડક પ્રસરી જતા શહેરીજનોએ આહલાદક વાતાવરણનો અનુભવ કર્યો હતો. પાલનપુરમાં ગઈકાલ પડેલા વરસાદના કારણે પાલનપુર શહેરના મીઠીવાવ વિસ્તારમાં રોડ વચ્ચે ભુવા પડવાની સમસ્યા પહેલા જ વરસાદમાં જોવા મળી છે. પાલનપુરમા ૨૫ મિમી જેટલો વરસાદ પડતા પાલનપુર શહેરના કેટલાક વિસ્તારોમાં રોડ વચ્ચે ભુવા પડ્યા છે. ગટર લાઈનો હોવાના કારણે ગંદુ પાણી રોડ ઉપર રિલાયુ છે. જોકે. આ પહેલા સામાન્ય વરસાદમાં પાલનપુર શહેરમાં ભુવા પડવાના કારણે રાહદારીઓ પરેશાન થયાં છે. આ પહેલાં જ વરસાદના કારણે પાલનપુર નગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે. બનાસકાંઠા જિલ્લામા છેલ્લા ૨૪ કલાકમા વરસાદ જોઈએ તો પાલનપુરમા ૨૫ મિમી, વડગામમાં ૧૧ મિમી, સુઈગામમાં ૦૧ મિમી વરસાદ નોંધાયો હતો.

૩૫ દિવસ બાદ સ્કુલ વર્ધીનાં વાહન રોડ ઉપર દોડતાં દેખાયાં

જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રના આરંભથી શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજયાં

શાળાઓ શરુ થતાં અનેકને રોજગારી મળી

બાયડ(બ્યુરો ઓફિસ), તા. ૧૪ - સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સોમવારથી ૩૫ દિવસનું ઉનાળુ વેકશન સંપન્ન થયું. પ્રથમ દિવસથી બંને જિલ્લાના ૩૦૦૦ શૈક્ષણિક સંકુલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળામાં વિદ્યાર્થીઓના કોલાહોલથી ગુંજી ઉઠ્ઠી હતી. જ્યારે વેકેશન પૂર્ણ થતાં સ્કુલ વર્ધીનાં વાહનોની દોડાદોડી રોડ ઉપર શરુ થઈ છે. શાળાઓ ખોલવાની સાથે અનેક લોકોને રોજગારી મળવાની શરુઆત થઈ છે. જ્યારે પ્રાથમિક વિભાગમાં અભ્યાસ માટે આવેલા બાળકો શાળાના મેદાનમાં પ્રથમ દિવસે રમત-ગમતમાં મશગુલ જોવા મળ્યા હતા.

વૈશ્વિક મહામારી કોરોનું કાળના કપરા દિવસોમાં ૨ વર્ષ સુધી શાળા-કોલેજો બંધ રહ્યા પછી સરકારની ગાઈડલાઈન મુજબ અભ્યાસ શરુ કરવામાં આવ્યો હતો. ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જિલ્લાની ધો.૧ થી ૧૨ સુધીની શાળાઓ, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓના કોલાહોલથી ગુંજી ઉઠી. છે. જ્યારે વિદ્યાર્થીઓને ઘરેથી શાળાએ લાવવા-લઈ જવા માટે સ્કુલ વર્ધી વાહનોનો ધમધમાટુ પ્રથમ દિવસથી જ જોવા મળ્યો છે. જિલ્લામાં બોર્ડ પરિણામ જાહેર થયા પછી નવા શૈક્ષણિક સત્રના આભ સાથે શાળામાં પ્રવેશ મેળવનારા બાળકો શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશતાંની સાથે જ ઉત્સાહિત જોવા મળ્યા હતા. જ્યારે વેકેશનની પૂર્ણાહૂતિ સમયે પુસ્તકો, ચોપડા, નોટબુક, દફતર સહિતની ખરીદી માટે વિદ્યાર્થી-વાલીઓએ ધસારો કરતાં સ્ટેશનરી બજારમાં પણ છેલ્લી ઘડીએ ભીડ જોવા મળી. તા.૧૩ના રોજ વિધિવત રીતે નવા શૈક્ષણિક સત્રનો આરંભ થતાં વેકેશન દરમ્યાન સૂમસામ ભાસતા શૈક્ષણિક સંકુલો ફરીથી ચેતનવંતાં બન્યાં છે. પ્રથમ દિવસે અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી છતાં માર્ગો ઉપર સ્કુલ વર્ધી વાહનનો ધમધમાટ સ્પષ્ટ જોવા મળ્યો.

વિજયનગરના જંગલ વિસ્તારમાં ૩૮ પોઈન્ટ ગોઠવી રીંછની ગણતરી શરુ

૬ વર્ષ પછી શરુ થયેલી ગણતરીમાં રીંછની સંખ્યા વધવાની આશા : વર્ષ-૨૦૧ ની ગણતરીમાં ૧૮ રીંછ નોંધાયેલાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના જંગલ વિસ્તારમાં સોમવારથી રીંછની વસતી ગણતરી શરુ થઈ છે. વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં ૩૮ પોઈન્ટ ગોઠવી રીંછની ગણતરીમાં એ.સી.એફ., આર.એફ.ઓ., ફોરેસ્ટર તેમજ રોજમદારોની ટીમ કામે લાગી છે. ગત ૨૦૧૬માં થયેલી રીંછની વસતી ગણતરી દરમ્યાન ૧૮ રીંછ નોંધાયેલા છે જેમાં આ વખતે સંખ્યામાં વધારો થવાની આશા વન વિભાગે વ્યક્ત કરી છે.



રીંછ સાથે અન્ય પ્રાણીઓની નોંધ લેવાશે - એ.સી.એફ.

વિજયનગરના જંગલ વિસ્તારમાં તા.૧૩ જૂનથી ૧૫ જૂન સુધી રીંછની વસતી ગણતરી શરુ કરવામાં આવી છે. ગણતરીમાં સામેલ એ.સી.એફ. વનરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ગણતરીમાં રીંછની સંખ્યા ઉપર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે પરંતુ રીંછની સાથો સાથ ગોઠવાયેલા ૩૮ પોઈન્ટ ઉપર અન્ય વન્ય પ્રાણીખોની પણ નોંધ લેવાશે.

જિલ્લામાં વિજયનગરના જંગલો પ્રાકૃતિક રીતે સમૃદ્ધ માનવામાં આવી રહ્યાં છે. ગાઢ જંગલ વિસ્તારના કારણે તૃણાહારી તેમજ માંસાહારી પ્રાણીઓના રહેઠાણ માટે આ વિસ્તાર ઘણા સમયથી અનુકુળ રહ્યો છે. વિજયનગરની પોળો અને તેની ખાસપાસના જંગલોમાં દિપડા, ઝરખ, શિયાળ, નિયાર, ચોસીંગા, નિલગાય સહિતના પ્રાણીઓ સાથે છંની હાજરી સવિશેષ જોવા મળી રહી છે. જંગલ વિસ્તારમાં રીંછને પૂરતો ખોરાક તેમજ પીવાના પાણીની પર્યાપ્ત સગવડ મળી રહેતી હોય છે જેથી વિજયનગરના જંગલમાં રીંછનો કાયમી વસવાટ થયો છે. વન વિભાગ દ્વારા વર્ષ-૨૦૧૬માં હાથ ધરવામાં આવેલી વસતી ગણતરીમાં ઈંછની સંખ્યા ૧૮ નોંધાઈ હતી. દર ૫ વર્ષે આમ તો વન્ય પ્રાણીની ગણતરી કરવામાં આવતી હોય છે પરંતુ કોરોનાના કારણે આ વખતે ગણતરી ૧ વર્ષ પાછળ વકિલાયા પછી ૬ વર્ષ પછી તા.૧૩ જૂનથી વિજયનગરના જંગલોમાં ૩૮ પોઈન્ટ ગોહવી વન વિભાગ દ્વારા વસતી ગણતરી શરુ કરવામાં આવી છે. તા. ૧૫ જૂન સુધી રીંછની ગણતરી થવાની છે જેમાં પાણીના સ્થળ તેમજ વન્ય પ્રાણીની અવર. જવરના કાયમી રસ્તાના સ્થળે ૩૮ જેટલી ટીમો કામે લગાડાઈ છે. વસતી ગણતરી પૂર્વ સાબરકાંઠા કલેક્ટર દ્વારા વિજયનગરના જંગલમાં એક ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને રીંછની વસતી ગણતરી દરમ્યાન જંગલ વિસ્તારમાં સ્થાનિક લોકો સિવાય બહારના લોકો ઉપર પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૬ વર્ષ પછી રીંછની વસતી ગણતરી હાથ ધરવામાં આવી છે જેમાં સંખ્યામાં વધારો થવાની સંભાવના પણ વન વિભાગના અધિકારીઓએ વ્યક્ત કરી છે.

ભગવો મંજૂર નથી પણ તિરંગો તો મંજૂર છે કે નહીં? ઔવેશી તેમજ મુલ્લા-મૌલવીઓ ચોખવટ કરે...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૧૪

૧૯૪૭ પહેલા અખંડ ભારતનો ધ્વજ ભગવો હતો, એટલે હિન્દુસ્થાનીઓને ભગવો એમ જલ્દી ભૂલવો મુશ્કેલ છે!! 'પણ ૧૯૪૭ પછી આજના ભારતનો રાષ્ટ્ધ્વજ "તિરંગો" છે... હિંદુઓએ તિરંગાને દિલથી સ્વીકારી લીધો પણ મુસ્લિમોએ દિલથી સ્વીકાર્યો ખરો???' હજુય કેટલાક મુસ્લિમોને આ તિરંગા ઉપર લગાવ થયોજ નથી... સાંપ્રદાયિક સભા હોય ત્યારે લીલો ધ્વજ લઈને મુસ્લિમો ફરતા હોય તેનો વાંધો ના હોઈ શકે... પણ, રાજકીય સભામાં પણ તિરંગો ના દેખાય અને માત્ર લીલો ધ્વજ જ દેખાય ત્યારે તેવા મુસ્લિમો ઉપર શંકા અવસ્ય થાય કે તેમને તિરંગા માટે કોઈ માન સન્નમાન નથી!!

ભારતના સંવિધાનની વાત કરતા મૌલવીઓ, મુલ્લાઓ, ઔવેશી ભાઈઓ ક્યારેય તિરંગાને મહત્વ આપતા હોય તેવું જોવા મળ્યું નથી, ભારતમાતાનું નામ લેવા પણ તૈયાર નથી, ઔવેશી ભાઈઓ તો ટીવી ઉપરની ડીબેટમાં સંબીત પાત્રાને "તમારું ભારત".... "તમારા પ્રધાનમંત્રી" એવી રીતે ચર્ચા કરતા જોયેલા છે.... તો શું એમનો દેશ, એમના પ્રધાનમંત્રી અલગ છે?? ફાયદાની વાત હોય ત્યારે ભારતનું સંવિધાન દેખાડે અને હિજાબ જેવા ટોપિકની વાત આવે તો કુરઆન દેખાડે!! શરીયા કાનૂન શીખવાડતા પણ જોવા મળે!! ડબલ માઈન્ડ, ડબલ ગેઈમ ખેલતા ઓવેશી ભાઈઓએ આ રીતે વારંવાર ભારતનું અપમાન કર્યું છે.... 'એટલે તમે ચોખવટ કરો કે તિરંગો તમને માન્ય છે કે નહીં??'

હિંદુઓ માટે ભગવો પવિત્ર ધ્વજ છે જે આઝાદી પહેલા અખંડ ભારતનો રાષ્ટ્ધ્વજ હતો!! 'પણ ભગવા માટે ક્યારેય પણ કોઈ હિન્દુએ કે હિન્દૂ ધર્મગુરુઓએ તિરંગાનું અપમાન કર્યું હોય તો બતાવો?' ક્યારેય ભારતના રાષ્ટ્રગીતનું અપમાન કર્યું હોય તો બતાવો? ક્યારેય કોઈ હિંદુઓએ ભારતની ક્રિકેટ કે હોકી જેવી લોકપ્રિય રમતમાં હાર થઈ હોય અને ફટાકડા ફોડ્યા હોય તો બતાવો? પણ આવા ઔવેશી જેવા અનેક મુસ્લિમ આગેવાનોએ અવારનવાર ભારત માટે ધૃણાસ્પદ નિવેદનો આપેલા છે....

ભારતની લોકશાહીની વારંવાર આ લોકોએ મુસ્લિમ સંપ્રદાય ઉપરની લાગણીમાં તણાઈ જઈને મજાક ઉડાડી છે!! આજે અમે હિંદુઓ ભારતના નાગરિક છીએ એ નાતે ભલે શ્રીરામને માનીએ છીએ પણ તેનાથી પણ પહેલા ભારતના તિરંગાને માન આપીએ છીએ.... 'તમને "વંદે માતરમ" ભારતનું સંવિધાનીક સ્લોગન મંજૂર નથી અને રહેવું છે ભારતમાં!!' ભારતનું ખાવું અને ભારતનું જ અપમાન કરવું એ ક્યારેય સાંખી લેવામાં નહિ આવે...

ઔવેશી ભાઈઓએ તો કાન ખુલ્લા રાખીને આ વાત સાંભળવી જોઈએ..... એક નૂપુર શર્માના નિવેદન માટે તમે બહુ ધમાલ કરી એનો અમે વિરોધ નથી કરતા....ઠીક છે તમારી લાગણીઓ દુભાઈ હશે એટલે તમે વિરોધ કર્યો.... પણ અકબર ઓવેશી હૈદરાબાદમાં મોટી જનસભામાં હિન્દૂ દેવી દેવતાઓ માટે ભૂતકાળમાં ખૂબ મજાક ઉડાડી છે.... માતા દુર્ગા, સીતા, લક્ષમીજી વિશે એલફેલ બોલ્યા છો, વળી તમે એમ પણ બોલ્યા છો કે... 'આજની આ મહેફિલમાં હું હિન્દૂ દેવી દેવતાઓના મનહુસ નામ લઈને આ મહેફિલની રોનક નથી બગાડવા માંગતો....' અરે...ઔવેશી તને હિન્દૂ દેવી દેવતા મનહુસ લાગે છે??? તમારે ઔવેશી ભાઈઓ અને મૌલવીઓ જે પણ કોઈ લોકો હિન્દુઓના દેવી દેવતા માટે અપશબ્દો બોલ્યા છો તેના માટે તમારે પણ માફી માગવી જ જોઈએ...નૂપુર શર્મા એક વાર બોલ્યા પણ તમે તો અવારનવાર બોલી રહ્યા છો!! શુ તમે હિંદુઓની પરીક્ષા લઈ રહ્યા છો??? ભારતની પ્રજા ડફોળ નથી, શાંતિ અને એખલાસ માટે અમે મૌન છીએ..., સરકાર દેશના વિકાસમાં કાર્યરત છે તો ખોટો માહોલ ના બગડે તેવું દરેક હિન્દૂ વિચારી રહ્યો છે તો તમે પણ તમારા માધ્યમથી મુસ્લિમોને આ શાંતિનો સંદેશ આપો નહિ કે ભડકાઉ ભાષણબાજી...

શામળાજી ખાતે પુનમના દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

મોડાસા, તા. ૧૪

વહેલી સવારથી જ ભકતો ભગવાન શામળીયા નાં દરબારમાં શીશ નમાવવા માટે વહેલી સવારથી જ લાંબી કતારો માં ઊભા રહીને ભગવાન શામળીયા નાં સન્મુખ દર્શન કરવા માટે લાંબી કતારો માં ઊભા રહીને ભગવાન શામળીયા નાં સન્મુખ દર્શન કરવા માટે તડપાપડ થઈ ગયાં હતા આજરોજ વડસાવિત્રી ની પુનમે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતાં મંદિર નાં પુજારી પરેશભાઈ તથા વિનયભાઈ દ્વારા ભગવાન શામળીયા નેં સુંદર વાંધા માં શણગારવામાં આવ્યા હતા ભગવાન શામળીયા નેં સોના હીરા નાં આભુષણો પહેરાવી શુશોભીત કરવામાં આવ્યા હતા ભગવાન નાં સન્મુખ દર્શન કરી નેં ભક્તો ધન્યતા અનુભવતા હતા અલકાયદાની ધમકી નેં પગલે ચારેબાજુ પોલીસ નાં જવાનો ગોઠવાયા હતા મંદિર પરિસર ગર્ભગૃહ બજાર વિસ્તારમાં હાઈવે રોડ પર મેશ્વો સરોવર પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ડીસામાં બે વર્ષ બાદ નીકળેલી જળયાત્રામાં જનમેદની જોડાઈ

મોસાળમાં ભગવાન જગન્નાથનું શાહી સ્વાગત

ડીસા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા શહેરમાં કોરોના મહામારીના બે વર્ષ બાદ ભાવિક ભક્તો અને સુભાષ ચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી અષાઢી બીજના દિવસે યોજાતી ભગવાન જગન્નાથજીની રથ યાત્રા પહેલા

જળ યાત્રાનું ભારે મહત્વ છે.તેથી આજે સુભાષ ચંદ્ર બોઝ સેવા સમિતિના પ્રમુખ ગંગારામભાઇ પોપટ અને સમિતિના વિવિધ હોદ્દેદારો સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં રથયાત્રા પહેલાંની જળયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. બે વર્ષ બાદ જળયાત્રા નીકળી હતી ત્યારબાદ જળાભિષેક સાથે બળદ ગાડાથી માંડી બેન્ડવાજા સાથે નીકળેલી રથયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે ભગવાનના મોસાળમાં આગમનને લઈને ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આજે સવારે ડીસા શહેરમાં આવેલા રામજી મંદિર ખાતે આવેલા રણછોડરાય મંદિરમાં ભગવાન પોતાના મોસાળ કચ્છી કોલોની ખાતે આવેલા પાતાળેશ્વર મહાદેવના મંદિરે આવનાર હોઈ મંદિરના મહારાજ મુન્નાભાઈ મહારાજ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે જ્યાં ભગવાન ૧૫ દિવસ સુધી રહેશે. ૨૪ જૂને ભગવાનનું મામેરૂ ભરાશે.અહીં વેદાંત પંડિતોની ઉપસ્થિતિમાં શોડષોપચાર પૂજા વિધિ કરવામાં આવી હતી ત્યારબાદ ૧૦૮ ભરેલા કળશ વાજતે-ગાજતે નિજમંદિર ખાતે લઈ જવાશે. મહત્વનું છે કે, ભગવાન જગન્નાથની જળયાત્રા ભાગરૂપે બળદગાડા, હાથી અને બેન્ડવાજા સહિતની તમામ તૈયારીઓ સાથે ભવ્યાતિભવ્ય જળયાત્રા યોજાઈ હતી. આ જળયાત્રા મહોત્સવમાં સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિના પ્રમુખ જાણિતા ધારાશાસ્ત્રી ગંગારામ પોપટ, જાગૃત નાગરિક સંસ્થાના પ્રમુખ જાણિતા ધારાશાસ્ત્રી તથા જયોતિષાચાર્ય કિશોરભાઈ દવે, મગનભાઈ માળી સમિતિના વિવિધ હોદ્દેદારો અને ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા, કનુભાઈ ?ત્રિવેદી, વોર્ડ નં ચારના સદસ્યો તથા અન્ય સાધુ સંતો, સહિત શહેરના તમામ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ તથા ભારતીય જનતા પાર્ટીના વિવિધ હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહયા હતા.

જિલ્લામાં વરસાદે કેરીની સીઝનની મજા બગાડી : વરસાદની એન્ટ્રીથી ભાવ ગગડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કેરીની સીઝન માંડ જામી હતી ત્યાં વરસાદની પધરામણીથી મજા બગડી છે. વરસાદ બાદ કેરીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો, જિલ્લામાં કેસર, હાફુસ, બદામ, તોતા, આમ્રપાલી સહિતની કેરીઓથી ફૂટ બજાર ઉભરાતાં હતાં ત્યાં વરસાદની એન્ટ્રીના કારણે ખરીદીમાં ઓટા આવવાથી વેપારીઓ ચિંતામાં મૂકાયા છે. જ્યારે વરસાદના આરંભ સાથે સવારથી ધમધમતાં શેરડી રસના સેન્ટરનો સંકેલો વળ્યો છે.

રાત્રે પડેલા વરસાદ સાથે માછલીઓ પડી

પાલનપુર તા. ૧૪

રવિવારે રાત્રે પડેલ વરસાદ સાથે નાની નાની માછલી ઓ પડી હતી ડીસા તાલુકાના ખેંટવા ગામના ખેડૂત દેસાઈ બાબુભાઈ જીવા ભાઈ ના ખેતરમાં રવિવારે રાત્રે પડેલ વરસાદી ઝાપટા ભેગી નાની નાની માછલીઓ પડી હતી જોકે બધી માછલી ઓ મૂર્ત હાલતમાં હતી .માછલીઓ દેખવા લોકો ઉમટી પડ્યા હતા.